નેપાળના જળપ્રલયથી બિહાર અને ઉત્તર પ્રદેશમાં પૂરનું ભયજનક જોખમ

ગંડક બેરેજના તમામ 36 દરવાજા ખોલાયા, હાઈ એલર્ટ જાહેર

ગંડક અને નારાયણી નદીઓની જળ સપાટીમાં વધારો, સરહદી જિલ્લાઓમાં NDRF અને SSB ની ટીમો તૈનાત

યુપી-બિહારના નીચાણવાળા ગામો ખાલી કરાવવાની ઝુંબેશ

અમિત શાહે પૂરની સ્થિતિ અને નદીઓના જળસ્તર અંગે સમીક્ષા કરી

કેન્દ્રીય જળ આયોગ મુજબ નેપાળ તરફના જળાશયોમાં પાણીનું સ્તર ઘટી રહ્યું છે અને સ્થિતિ નિયંત્રણમાં છે

લખનઉ, તા. 26 (પીટીઆઈ): નેપાળમાં આવેલા ભયાનક પૂરના કારણે ગંડક અને નારાયણી નદીઓમાં પાણીનું સ્તર ઝડપથી વધી શકે છે જેનાથી તટવર્તી નીચાણવાળા ગામોમાં પાણી ભરાઈ જવાની પૂર્ણ શક્યતા છે. જેના પગલે ઉત્તર પ્રદેશ અને બિહારમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

બિહારમાં વાલ્મિકીનગર ખાતે આવેલા ગંડક બેરેજના તમામ 36 દરવાજા ખોલી દેવામાં આવ્યા છે, બેરેજ પરથી 86,000 ક્યુસેકથી વધુ પાણી છોડવામાં આવતાં નદીના કિનારાનું ધોવાણ થઈ શકે છે અને બંધ/પાલ તૂટવાનું જોખમ રહે છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર ગંડક નદીમાં પાણીનો પ્રવાહ બુધવારે રાત્રે લગભગ 11 વાગ્યે ટોચે પહોંચવાની શક્યતા છે અને ત્યારબાદ ઘટવા લાગશે. બિહાર સરકારે રાત્રિ દરમિયાન પણ હાઈ એલર્ટ પર રહેવા સૂચના આપી છે.

બિહારના પશ્ચિમ ચંપારણ, પૂર્વ ચંપારણ, ગોપાલગંજ, સારણ, મુઝફ્ફરપુર, વૈશાલી, સીતામઢી અને શિવોહર જેવા સરહદી જીલ્લાઓમાં વિશેષ તકેદારી રાખવાના આદેશ અપાયા છે. બીજી તરફ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ સરહદી વિસ્તારોમાં સ્થિતિ પર નજર રાખવા નિર્દેશ આપ્યા છે. ઉત્તર પ્રદેશના મહારાજગંજ અને કુશીનગર જીલ્લાના નીચાણવાળા તેમજ નદી કિનારાના વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત સ્થળે ખસી જવા જણાવાયું છે. મહારાજગંજ અને કુશીનગરના શિવપુર, હરિહરપુર, નારાયણપુર, માર્ચહવા અને બસંતપુર જેવા અતિ-સંવેદનશીલ ગામોના લોકોને તાત્કાલિક ઉંચા અને સુરક્ષિત સ્થળોએ ખસી જવા લાઉડસ્પીકર દ્વારા સૂચનાઓ આપવામાં આવી રહી છે.

કેન્દ્ર સરકારે પણ બંને રાજ્યોને પૂરતી સહાયની ખાતરી આપી છે. NDRFની ટીમ ગોપાલગંજ, મુઝફ્ફરપુર અને બેતિયા ખાતે તૈનાત કરવામાં આવી છે. તે સિવાય ભારત-નેપાળ સરહદે સશસ્ત્ર સીમા બલ (SSB)ની 18 ટીમોને રાહત અને બચાવ કામગીરી માટે એલર્ટ કરી દેવાઈ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે ટેલિફોનિક ચર્ચા કરીને પૂરની સ્થિતિ અને નદીઓના જળસ્તર અંગે સમીક્ષા કરી હતી.



સ્પેનના બુનોલ શહેરમાં દર ઓગસ્ટના છેલ્લા બુધવારે યોજાતા વાર્ષિક 'લા ટોમાટીના' ફેસ્ટિવલમાં 20,000થી વધુ લોકોએ ભાગ લીધો હતો. આ ઉત્સવ દરમિયાન સ્થાનિકો અને વિદેશી પ્રવાસીઓએ એકબીજા પર 165 ટન પાકાં ટામેટાં ફેંકીને ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

પેજ 3

ડિરેક્ટર કુકુ કોહલીનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન

મુંબઈ, તા. 26: ફિલ્મમેકર કુકુ કોહલીના અંતિમ સંસ્કાર બુધવારે ઓશિવરા સ્મશાન ઘાટમાં થયા હતા. જેમાં ઘણા સેલેબ્સ પહોંચ્યા હતા. આ દરમિયાન ગજેન્દ્ર ચૌહાણે કુકુનાં પત્ની અરુણા ઇરાનીને સાંત્વના આપી હતી. જેઓ ખૂબ જ ઇમોશનલ હતાં. અંતિમ સંસ્કારમાં વિક્કી કૌશલ, કેટરીના કૈફ, રોહિત શેટ્ટી, રાજપાલ યાદવ, જાવેદ અખ્તર અને શબાના આઝમી પણ પહોંચ્યાં હતાં. કુકુ કોહલીનું મંગળવારે 77 વર્ષની વયે નિધન થયું હતું. તેમણે મુંબઈના કોકિલાબેન હોસ્પિટલમાં આખરી શ્વાસ લીધા હતા. તેમને હાર્ટ એટેક આવ્યો હતો. કુકુ કોહલીએ પોતાની ફિલ્મી કરિયરની શરૂઆત રાજ કપૂરની ફિલ્મ 'બોબી'માં આસિસ્ટન્ટ તરીકે કામ કરીને કરી હતી. તેઓ ઘણાં વર્ષો તેમની સાથે રહીને ફિલ્મ બનાવવાનું શીખ્યા હતા. બાદમાં તેઓ ફિલ્મ 'બેતાબ'માં સેકન્ડ યુનિટ ડિરેક્ટર રહ્યા. સની દેઓલ અને અમૃતા સિંહ સ્ટારર આ ફિલ્મ હિટ હતી.

વિવાદ બાદ કૃતિ સેનનની રક્ષાબંધન જાહેરાત હટાવવામાં આવી

મુંબઈ, તા. 26: જ્વેલરી બ્રાન્ડ જિવાએ બુધવારે એક્ટ્રેસ કૃતિ સેનનની વિવાદિત રક્ષાબંધન જાહેરાતને હટાવી દીધી છે. જાહેરાતમાં કૃતિ બ્રાલેટ-સ્ટાઇલ બ્લાઉઝ, કેપ અને ડ્રેપ્ડ સ્કર્ટ પહેરેલી હતી. તે શ્વાનને પણ રાખડી બાંધતી જોવા મળી રહી હતી. આ પહેરવેશને લઈને ઘણા લોકોએ વાંધો ઉઠાવ્યો હતો. એક્ટ્રેસમાંથી સાંસદ બનેલી કંગના રનૌતે પણ કૃતિના પહેરવેશ પર સવાલો ઉઠાવ્યા હતા. જ્યારે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ એક્ટ્રેસ કૃતિનું સમર્થન કર્યું હતું. જિવાએ વિવાદ વધતો જોઈને આજે કહ્યું હતું કે, ''જાહેરાત હટાવી લેવામાં આવી છે. આ નિર્ણય ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓના સન્માનમાં લેવામાં આવ્યો છે. કોઈની લાગણીઓ દુભાવવાનો અમારો ઈરાદો નહોતો.''

મ્યુઝિક સ્ટાર, અભિનેત્રી ડોલી પાર્ટનનું 80 વર્ષની વયે કેન્સરથી નિધન

નાશવિલ, તા. 26 (AP): ટેનેસીના પહાડોમાં આવેલા એક લાકડાંના ઘરથી નીકળીને સ્ટારડમ અને પ્રશંસાની ઊંચાઈઓ સુધી પહોંચેલી કન્ટ્રી મ્યુઝિક આઇકન ડોલી પાર્ટન, જેનો શાનદાર અવાજ, હૃદયસ્પર્શી ગીતો અને ચમકદાર પોશાકોએ તેમની ઓળખ બનાવી હતી, તેમનું નાશવિલમાં નિધન થયું છે. તેઓ 80 વર્ષનાં હતાં. તેમના પબ્લિસિસ્ટ માર્સેલ પારિસેઉએ મંગળવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''કેન્સર સામેની ટૂંકી લડાઈ બાદ ડોલીએ આજે વેન્ડરબિલ્ટ-ઇન્ગ્રામ કેન્સર સેન્ટર ખાતે પ્રિયજનોની હાજરીમાં આ દુનિયાને અલવિદા કહી દીધું હતું.'' તેમનું વળાંકવાળું શરીર, વિશાળ સોનેરી વાળ અને સ્કીન-ટાઇટ આઉટફિટ્સ માટે જાણીતાં ડોલી પોતાના રમૂજી સ્વભાવ માટે પ્રસિદ્ધ હતાં. તેઓ સંગીત અને તેનાથી ઉપર સૌથી પ્રિય વ્યક્તિત્વમાંના એક હતા - એક એવા વિરલ સેલિબ્રિટી જેમનું આકર્ષણ પેઢીઓ, ભૌગોલિક સીમાઓ અને રાજકારણથી પર હતું. તેમણે સેંકડો ગીતો લખ્યાં, જેમાં 'જોલીન,' 'કોટ ઓફ મેની કલર્સ' અને 'આઈ વિલ ઓલવેઝ લવ યુ' જેવા ક્લાસિક્સનો સમાવેશ થાય છે, જેનું કુલ વેચાણ વિશ્વભરમાં 10 કરોડથી વધુ થયું હતું અને 1 અબજથી વધુ ઓનલાઇન સ્ટ્રીમ્સ થયા હતા.

શાહરૂખ, અજય અને ટાઇગર શ્રોફે એફડીએની નોટિસનો જવાબ ન આપ્યો

મુંબઈ, તા. 26 (PTI) મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ને ત્રણ બોલિવૂડ અભિનેતાઓ, જેમાં શાહરૂખ ખાન અને અજય દેવગન અને ટાઇગર શ્રોફ સામેલ છે, જેમને એક જાહેરાત અંગે નોટિસ મોકલવામાં આવી હતી, તેમના તરફથી હજી સુધી કોઈ જવાબ મળ્યો નથી. એમ એફડીએ કમિશનર તુકારામ મુંડેએ બુધવારે જણાવ્યું હતું. મુંબઈ પ્રેસ ક્લબ દ્વારા આયોજિત 'મીટ ધ પ્રેસ' કાર્યક્રમમાં બોલતાં મુંડેએ જણાવ્યું હતું કે, કોઈ પ્રોડક્ટનો પ્રચાર કરવો એ ખોટું નથી, પરંતુ તેની અયોગ્ય રીતે જાહેરાત કરવી એ ખોટું છે. કમર્શિયલ્સ અને સરોગેટ એડવર્ટાઇઝિંગ (પરોક્ષ જાહેરાત) અંગેના એક પ્રશ્નનો જવાબ આપતાં આઈએએસ અધિકારીએ જણાવ્યું હતું કે, "અમે જે પણ જાહેરાતો જોઈએ છીએ - પછી તે અખબારોમાં હોય, ટેલિવિઝન પર હોય કે સોશિયલ મીડિયા પર હોય - તે બધી અમારા રડાર હેઠળ છે. અમે ઉલ્લંઘન પર નજર રાખી રહ્યા છીએ." આ મહિનાની શરૂઆતમાં એફડીએ દ્વારા અભિનેતાઓ શાહરૂખ ખાન, અજય દેવગન અને ટાઇગર શ્રોફને વિમલ ઈલાયચીની તેમની જાહેરાત પર શો-કોઝ નોટિસ ફટકારી હતી. એફડીએએ દાવો કર્યો હતો કે, તે પ્રથમ દૃષ્ટિએ પ્રતિબંધિત પાન મસાલા અને તમાકુ સંબંધિત ઉત્પાદનોનો 'પરોક્ષ અથવા સરોગેટ' પ્રચાર છે.

તા. ૨૬-૦૮-૨૦૨૬નું સુરત શહેરનું

હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો 0.0 મીમી	મોસમનો ૧૭૯૦ મીમી
ઉકાઈ	સપાટી આજની ૩૩૫.૩૬ ફૂટ	આઉટફ્લો ૬૨૬૭ ક્યુસેક
તાપમાન	મહત્તમ ૩૨.૯ સે.	લઘુત્તમ ૨૬.૫ સે. / ભેજ ૭૯%

અમેરિકાએ વિશ્વભરમાં તમામ વિઝા એપોઈન્ટમેન્ટ અટકાવી

સરકારી લાભો પર નિર્ભર થઈ શકે તેવા અરજદારોને વિઝા આપવામાં નહીં આવે

'પબ્લિક ચાર્જ'ના નિયમ હેઠળ અરજદારોની ઊંડી તપાસ માટે અધિકારીઓને તાલીમ અપાઈ રહી છે

વોશિંગ્ટન, તા. 26 (પીટીઆઈ): અમેરિકામાં ટ્રમ્પ સરકારના ઇમિગ્રેશન પરના કડક વલણ વચ્ચે અમેરિકાએ વિશ્વભરમાં ઇમિગ્રન્ટ વિઝાની તમામ એપોઇન્ટમેન્ટ અટકાવી દીધી હોવાના અહેવાલ છે. અમેરિકી વિદેશ મંત્રાલય વિઝા પ્રક્રિયાના નિયમો વધુ કડક બનાવી એવા અરજદારોને અમેરિકામાં પ્રવેશથી રોકવા માગે છે, જેઓ ભવિષ્યમાં સરકારની 'પબ્લિક બેનિફિટ્સ' પર નિર્ભર થઈ શકે છે.

'ફાઇનાન્શિયલ ટાઇમ્સ'ના અહેવાલ મુજબ, અમેરિકી દૂતાવાસો અને કોન્સ્યુલેટ્સના કોન્સ્યુલર અધિકારીઓને વિઝા અરજદારોની આ બાબતે વ્યાપક અને એકસમાન રીતે તપાસ કરવા માટે તાલીમ આપવામાં આવી રહી છે. 'પબ્લિક ચાર્જ'નો અર્થ એવી વ્યક્તિ થાય છે, જે મુખ્યત્વે સરકાર પાસેથી મળતી નાણાકીય મદદ પર નિર્ભર રહેવાની શક્યતા ધરાવતી હોય.

અહેવાલ અનુસાર, ઇમિગ્રન્ટ વિઝા માટે ઇન્ટરવ્યૂની તારીખ નક્કી થઈ ચૂકેલા અરજદારોને ઈમેલ મોકલી તેમની એપોઇન્ટમેન્ટ ફરીથી ગોઠવવામાં આવી હોવાનું જણાવાયું છે. નવી તારીખ અને સમય અંગે તેમને બાદમાં જાણ કરવામાં આવશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે ઓગસ્ટમાં વૈશ્વિક તાલીમ કાર્યક્રમ શરૂ કરાયો છે, જેથી દરેક કોન્સ્યુલર અધિકારી દરેક વિઝા અરજદારનું વ્યાપક અને એકસમાન મૂલ્યાંકન કરી શકે. વિભાગનું કહેવું છે કે આ પ્રક્રિયાથી એવા અરજદારોને વિઝા મળતા અટકાવવામાં આવશે, જેઓ અમેરિકાની સરકારી સહાય પર નિર્ભર થઈ શકે.

આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે ટ્રમ્પ સરકાર ગેરકાયદે ઇમિગ્રેશન સામે કાર્યવાહી તેજ કરી રહી છે અને ગ્રીન કાર્ડના નિયમો પણ કડક બનાવી રહી છે. એક દિવસ પહેલાં જ સરકારે H-1B વિઝા માટે 103,265 ડોલરની નવી અરજી ફીનો પ્રસ્તાવ મૂક્યો હતો.

H-1B વિઝા હેઠળ અમેરિકી કંપનીઓ વિદેશી કર્મચારીઓને વિશિષ્ટ કુશળતા ધરાવતી નોકરીઓ માટે રાખી શકે છે. ટેક્નોલોજી કંપનીઓ ભારત અને ચીન જેવા દેશોમાંથી દર વર્ષે હજારો કર્મચારીઓની ભરતી માટે આ વિઝા પર આધાર રાખે છે. જાન્યુઆરીમાં પણ અમેરિકાએ વિશ્વના લગભગ 40 ટકા દેશોમાંથી ઇમિગ્રન્ટ વિઝા આપવાનું અટકાવ્યું હતું.

Grasim Cellulosic Division
(Unit: Grasim Industries Ltd.)
Vilayat Plant: -
Plot No.1, G.I.D.C. (Vilayat industrial Estate), PO.-Vilayat, Taluka-Vagra, Dist.-Bharuch-392012, Gujarat.
(Mr. Ronak Parekh-7069304836)
(Mr. Prakash Bhatt-6357057371)

Auction for Scrap Sale by Global E Auction, Delhi

Grasim Cellulosic Division will be disposing scrap items through E-Auction by Global E Auction, Delhi. Material- Pulp Wrapper (Brown/White), GI Wire, Empty MS /HDPE Drums, SS/MS Mix Scrap, Brass Scrap, Copper/Aluminums Cable Scrap, E-Waste, HDPE Small & Jumbo Bag, SCRAP MIST ELIMITATOR, U BEAM (ALLOY STEEL) & other miscellaneous scrap materials as per catalog.
The E-Auction will be held on 03rd September, 2026.
Inspection will be on following dates 19th August to 02nd September, 2026.
Time: 09:00 AM To 03:00 PM.
The Items will be sold on "AS IS WHERE IS BASIS" as per the detailed terms and conditions contained in the catalogue, available on website. For more details contact.
M/s. Global E Auction Pvt Ltd, Delhi
(Mr. Vikash Thakur-9311899857)
(Mr. Ravi Kant -9582263207)
Web: www.globaleauction.com

મુંબઈમાં 1 સપ્ટેમ્બરથી ટેક્સી-ઓટોનું ભાડું મોંઘું થશે

મુંબઈ, તા. 26 (PTI) ટ્રાન્સપોર્ટ ઓથોરિટી દ્વારા બુધવારે ભાડામાં સુધારો કરવામાં આવ્યા બાદ 1 સપ્ટેમ્બરથી મુંબઈમાં સીએનજીથી ચાલતી કાળી અને પીળી ટેક્સીઓ તેમ જ ઓટો-રિક્ષામાં મુસાફરી કરવી લોકો માટે મોંઘી બનશે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

મુંબઈ મેટ્રોપોલિટન રીજન ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (એમએમઆરટીએ) એ મેટ્રોપોલિટન વિસ્તારમાં દોડતી કાળી અને પીળી ટેક્સીઓ માટે રૂ. 2 અને ઓટો રિક્ષા માટે રૂ. 1ના ભાડા વધારાને મંજૂરી આપી છે. એમ રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસ (આરટીઓ)ના એક અધિકારીએ જણાવ્યું હતું. સુધારા પછી મુસાફરોએ ટેક્સીમાં પ્રથમ 1.5 કિમી માટે વર્તમાન રૂ. 31ના બદલે રૂ. 33 ચૂકવવા પડશે, જ્યારે ઓટો-રિક્ષાનું લઘુત્તમ ભાડું રૂ. 26થી વધીને રૂ. 27 થશે.

મહારાષ્ટ્રમાં કાળી અને પીળી ટેક્સીઓ અને ઓટો-રિક્ષાઓના ભાડામાં સુધારો કરવા માટે ચાર સભ્યોની ખટુઆ પેનલ દ્વારા મેળવવામાં આવેલા ફોર્મ્યુલાના આધારે, મહારાષ્ટ્રના ટ્રાન્સપોર્ટ સેક્રેટરીના અધ્યક્ષપણા હેઠળની એમએમઆરટીએએ ગયા ગુરુવારે મળેલી તેની બેઠકમાં ભાડા સુધારણાને મંજૂરી આપી હતી.

દિલ્હીની 5-સ્ટાર હોટેલ્સમાં ગંદકી અને વંદા મળતાં FSSAIની નોટિસ

દિલ્હીની જેડબલ્યુ મેરીઓટ હોટેલ અને અંદાજમાં તપાસ દરમિયાન સ્વચ્છતા તથા ખાદ્ય સંગ્રહમાં અનેક ખામીઓ

ફ્રીઝર પાસે વંદા, 87 કિલો એક્સપાયર મીઠાઈ અને ખોટા લેબલ સુધીની ખામીઓ

ફ્રીઝર/ચિલર્સ વિભાગ બે શૌચાલયોની બિલકુલ વચ્ચે આવેલો હતો

નવી દિલ્હી, તા. 26 (પીટીઆઈ): ભારતીય ખાદ્ય સુરક્ષા અને ધોરણ પ્રાધિકરણ (FSSAI)એ દિલ્હીના એરોસિટી વિસ્તારમાં આવેલી ફાઈવ-સ્ટાર હોટેલ જેડબ્લુ મેરીઓટ હોટેલ અને અંદાજ દિલ્હીને સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષાના ગંભીર ઉલ્લંઘન બદલ નોટિસ ફટકારી છે. બંને હોટેલમાં તપાસ દરમિયાન ફ્રીઝર નજીક વંદા સહિત અનેક ગંભીર ખામીઓ મળી હતી.

FSSAIએ બંને હોટેલમાંથી ખાદ્ય પદાર્થોના નમૂના લીધા છે. લેબોરેટરી રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

જેડબ્લુ મેરીઓટમાં ગંદા વાસણો અને ખાદ્ય પદાર્થોના સંપર્કમાં આવતી સપાટીઓ, પીવાના પાણીમાં કણો, અપૂરતી જીવાત નિયંત્રણ વ્યવસ્થા, વંદા અને ફ્રૂટ ફ્લાય્સ મળી આવ્યા હતા. હોટેલમાં બગડેલો અને ફૂગ લાગેલો ખોરાક પણ મળ્યો હતો. તેમાં ફૂગ લાગેલા સફરજન, સડેલા ટામેટાં, ઢાંક્યા વગર રાખેલો ખોરાક અને ખોટી રીતે સંગ્રહિત શાકભાજીનો સમાવેશ થાય છે. વિવિધ કિચનમાં એક્ઝોસ્ટ સિસ્ટમ, સ્વચ્છતા, એલર્જન અલગ રાખવા અને ખાદ્ય સંગ્રહ અંગે પણ ખામીઓ મળી હતી.

FSSAI મુજબ કેટલાક ઉત્પાદનો માટે જરૂરી લાઈસન્સ અથવા મંજૂરી ઉપલબ્ધ ન હતી. હોટેલની FSSAI લાઈસન્સમાં જરૂરી મંજૂરી વિના રિટેલ અને રિ-લેબલિંગ પ્રવૃત્તિ પણ જોવા મળી હતી. પેકેટબંધ ખાદ્ય ઉત્પાદનો પર લાઈસન્સ નંબર અને ઉત્પાદકના સંપૂર્ણ સરનામા અંગે પણ ખામીઓ હતી.

હોટેલ અંદાજમાં ફ્રીઝર નજીક જીવતા વંદા, ગ્રાઈન્ડિંગ રૂમમાં માખી-મચ્છર, કરોળિયાના જાળા અને બોટલિંગ પ્લાન્ટમાં ગુટખાનું પેકેટ મળ્યું હતું. લગભગ 87 કિલો સહિત એક્સપાયર થયેલી મીઠાઈ, કેક બેઝ અને બ્રેડ પણ મળી આવ્યા હતા.

ખોરાકનું તાપમાન, કચરા વ્યવસ્થાપન, સંગ્રહ અને શાકાહારી-માંસાહારી ખોરાક અલગ રાખવામાં પણ ખામીઓ હતી. ફ્રીઝર/ચિલર્સ વિભાગ બે શૌચાલયોની બિલકુલ વચ્ચે આવેલો હતો અને એ શૌચાલયની એક્ઝોસ્ટ વાયુ સીધી ચિલર સેક્શન તરફ ફેંકાતી હતી.

મોહન ભાગવતના ન્યૂયોર્કના કાર્યક્રમનો મેયર ઝોહરાન મમદાની દ્વારા વિરોધ

29 ઓગસ્ટે મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં 5,000 લોકોની સભાને RSS સરસંઘચાલક સંબોધશે

અનેક નાગરિક અધિકાર અને આંતરધર્મીય સંગઠનો પણ કાર્યક્રમ રદ કરવાની માગ કરી રહ્યા છે

કાર્યક્રમ રદ કરવાની સત્તા શહેર પાસે છે કે નહીં ખબર નથી: મમદાની

ન્યૂયોર્ક, તા. 26 (પીટીઆઈ): ન્યૂયોર્ક સિટીના મેયર ઝોહરાન મમદાની રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના સરસંઘચાલક મોહન ભાગવતના મેડિસન સ્ક્વેર ગાર્ડન ખાતે યોજાનારા કાર્યક્રમના સમર્થનમાં નથી. જોકે, તેમણે કહ્યું કે આ ખાનગી કાર્યક્રમને રદ કરવાનો અધિકાર શહેર પાસે છે કે નહીં તે સ્પષ્ટ નથી.

ભાગવત મંગળવારે અમેરિકા પહોંચ્યા હતા. RSSના શતાબ્દી વર્ષ નિમિત્તે વૈશ્વિક સંપર્ક અભિયાન હેઠળ તેઓ અમેરિકા, કેનેડા અને બ્રિટનની મુલાકાતે છે. અમેરિકામાં તેઓ 29 ઓગસ્ટે મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં ભારતીય મૂળના લોકોની લગભગ 5,000 લોકોની સભાને સંબોધશે.

મમદાનીએ મંગળવારે પત્રકાર પરિષદમાં કહ્યું, "હું આ રેલીનું સમર્થન કરતો નથી, પરંતુ ખાનગી કાર્યક્રમ રદ કરવા અંગે શહેર પાસે કોઈ અધિકારક્ષેત્ર છે કે નહીં તે મને ખબર નથી." અનેક નાગરિક અધિકાર અને આંતરધર્મીય સંગઠનોએ પણ કાર્યક્રમનો વિરોધ કર્યો છે અને સ્થળને કાર્યક્રમ રદ કરવાની અપીલ કરી છે.